GJRJ070001052022	ફરિયાદ રજૂ થયા તારીખ	૧૯/૦૧/૨૦૨૨
	ફરિયાદ દાખલ તારીખ	૧૯/૦૧/૨૦૨૨
	ફરિયાદ નિકાલ થયા તારીખ	૧૨/૦૬/૨૦૨૬
	અવધિ	વર્ષ માસ દિવસ ૦૪ ૦૪ ૨૪

મહે.ઉપલેટાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,
મુ.ઉપલેટા, જિ.રાજકોટ.

ફોજદારી કેસ નંબરઃ–૯૨/૨૦૨૨.
આંકઃ–

ફરિયાદીઃ– સંજયભાઇ ભાદાભાઇ બોરખતરીયા.
રહે. ઉપલેટા, જિ.રાજકોટ.

//વિરુદ્ધ//

આરોપીઃ– ભરતભાઇ રજનીકાંત હંસોરા
C/O ખોડીયાર મોટર્સ,
રહે.ડેનીશ હોલની બાજુમાં,
બડા બજરંગ રોડ, ઉપલેટા.

ગુનોઃ– નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ.

ફરિયાદપક્ષે વિદ્વાન વકીલશ્રી એન.ડી.મુંગલપરા.
આરોપીઓપક્ષે વિદ્વાન વકીલશ્રી કે.આર.રાણીંગા.

//ચુકાદો//

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ઉપલેટા ગામના રહીશ છે. આ કામના આરોપીએ તેમની જરૂરીયાત મુજબ ફરિયાદી પાસેથી કટકે–કટકે કુલ રૂ.૬,૫૦,૦૦૦/– સંબંધ–મિત્રતાના ધોરણે હાથ ઉછીના લીધેલ હતા. ફરિયાદીની કાયદેસરની લેણી રકમની આરોપી પાસે માંગણી

કરતા આરોપીએ તા.૧૫/૦૯/૨૦૨૧ ના રોજનો ભારતીય સ્ટેટ બેન્ક, ટાવર રોડ, ઉપલેટા શાખાનો આરોપીના ખાતા નં.૩૦૩૦૪૨૫૫૨૩૭ નો રૂ.૬,૫૦,૦૦૦/- નો ચેક નં.૦૨૦૭૪૯ નો લખી આપેલ. આરોપીએ ફરિયાદીને લખી આપેલ ચેક ફરિયાદીએ તા.૦૬/૧૨/૨૦૨૧ ના રોજ ભારતીય સ્ટેટ બેન્ક, ઉપલેટા શાખામાં વટાવવા માટે રજૂ કરતા, જે ચેક કલીયરીંગમાં જતાં "Funds Insufficient"ના શેરા સાથે તેવા કારણોસર પરત ફરેલો જેની જાણ SBI Bank, ઉપલેટાએ ફરિયાદીને તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ ચેક રીર્ટનની જાણ કરેલી તથા તે ચેક તથા રિર્ટીન મેમાની નકલ આપેલ, આરોપીએ ફરિયાદીને લખી આપેલ ચેક "ફંડ્સ ઈનસફિસિયન્ટ"ના શેરા સાથે તેવા કારણોસર રીટર્ન થયેલ હોય જે બાબતે ફરિયાદીએ તેઓના વકીલશ્રી મારફત આ કામના આરોપીને તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ ચેકની રકમ ભરપાઈ કરી આપવા બાબતે સંયુકતમાં લીગલ ડિમાન્ડ નોટિસ ઈસ્યુ કરેલ હોય જે ડિમાન્ડ નોટિસ રજિસ્ટ્રર એ.ડી. પોસ્ટથી બજાવતા જે નોટિસ આરોપીએ સ્વીકારેલ ન હોય જેથી તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ પરત ફરેલ. આમ, સમય મર્યાદામાં ચેક મુજબની રકમ આરોપીએ ચુકવેલ ના હોય જેથી ફરિયાદીને આ ફરિયાદનુ કારણ ઉપસ્થિત થયેલ છે.

<u>ઉપરોક્ત ફરિયાદ લાવી ફરિયાદીએ અરજ કરેલ છે કે,</u>

(૧) સદર કામના આરોપીઓ વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ ગુનાનું કોગ્નીઝન્સ લઈ, પ્રોસેસ ઈસ્યુ કરી, કેસ ચલાવી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે કસુરવાર ઠેરવી સખત સજા કરવા ફરિયાદીએ અરજ કરેલ છે.

(૨) સદર કામના આરોપીઓ પાસેથી ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૫૭ મુજબ ફરિયાદીને ચેકની રકમ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) યોગ્ય લાગે તે દાદ આપવા અરજ કરેલ છે.

(૨) ફરિયાદીની હાલની ફરિયાદ દાખલ થતાં ફરિયાદીનું વેરિફિકેશન લઈ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૨ મુજબ ફરિયાદ રજિસ્ટરે લેવાનો પણ આદેશ કરેલ છે.

(૩) ત્યારબાદ આરોપીને સમન્સ બજતા આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭ મુજબ ફરિયાદ અને તેની સાથેના પેપર્સની નકલો પુરી પાડયા બાદ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૫૧ મુજબ આંક–૧૭ થી પ્લી લીધેલ અને આરોપીએ ગુનાનો ઈનકાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

<u>મૌખિક પુરાવાઓ.</u>

ક્રમ	વિગત	આંક
૧.	ફરિયાદીનું સરતપાસનું સોગંદનામું.	૦૫

<u>દસ્તાવેજી પુરાવાઓ</u>

ક્રમ	વિગત	આંક
૧.	ભારતીય સ્ટેટ બેંન્ક, ઉપલેટા શાખાનો ચેક નં.૦૨૦૭૪૯	૧૮
૨.	રિટર્ન મેમો.	૧૯
૩.	રજિસ્ટર્ડ એ.ડી. કર્યાની પાવતી.	૨૦
૪.	ડિમાન્ડ નોટિસ.	૨૧
૫.	નોટીસ પરત ફર્યાનુ બંધ કવર	૨૨

ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૪૮ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ થયેલ છે.

(૪.૧) સદરહુ કામે આરોપીપક્ષ તરફે નીચે દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે તથા આરોપી તરફે ફરિયાદીની ઊલટતપાસ લેવામાં આવેલ છે.

ક્રમ	વિગત	આંક
૧.	આરોપીના ગેરેજ પર લગાડેલ બોર્ડની ફોટોકોપી	૪૬

(૫) આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીઓનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીઓએ, ફરિયાદીના પુરાવાનો ઈનકાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, ફરિયાદીએ આરોપીને દબાણ કરવાના ઈરાદે આરોપીની મિલકત ઉપર આંક–૪૬ નુ બોર્ડ મારી દીધેલ તેની સાથે મનોજ નં.૧ તથા ગૌતમ બોરખતરીયાનુ બોર્ડમાં નામ છે એ રીતે ફરિયાદી ખુબ જ માથા ભારે અને જનુની હોઇને આરોપી ગરીબ માણસ હોઈ, મોટર ગેરેજમાં મજુરી કામ કરતા હોવાથી રૂ.૬,૫૦,૦૦૦/– મેળવેલ નથી તેમ છતા દબાણ કરી આરોપીના ભાઈના કહેવાથી આરોપીએ સહી વાળો ચેક .... તારીખ કે રકમ લખ્યા વગરનો આપેલ અને આરોપીએ લેણી રકમ સામે દસ–દસ હજાર તથા ... વીસ આપેલ તે સાબિત થતુ હોય આરોપી નિર્દોષ હોય આરોપી મજુરી કામ કરી કુટુંબનુ ગુજરાન ચલાવતા હોઈ નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષના વિદ્વાન વકિલશ્રીની તથા આરોપીઓપક્ષના વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ.

(૭) સદરહુ કેસના આખરી નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીને લખી આપેલ ભારતીય સ્ટેટ બૅન્ક, બેન્ક ટાવર રોડ, ઉપલેટા શાખાનો આરોપીનો ખાતાનો ચેક નં.૦૨૦૭૪૯, તા.૧૫/૦૯/૨૦૨૧ ના રોજનો

રૂા.૬,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા છ લાખ પચાસ પુરા)નો ચેક વટાવવા માટે ફરિયાદીએ તેઓના SBI બૅન્ક, ઉપલેટા શાખાના ખાતામાં વટાવવા માટે નાખતા જે ચેક કલિયરીંગમાં જતાં આરોપીના ખાતા "અપુરતું ભંડોળ(Funds Insufficient)"ના શેરા સાથે વગર વસુલાતે પરત ફરેલ. જે ચેક પરત થયાની જાણ ફરિયાદીને એસ.બી.આઈ. બૅન્ક, ઉપલેટા શાખાના તા.૦૮/૧૨/૨૦૨૧ ના ચેક રિર્ટન મેમા સાથે જાણ થયેલ. જેથી ફરિયાદીએ આરોપીઓને તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ રજિસ્ટર એ.ડી.થી ચેકમાં લખેલ રકમની માંગણી કરતી સયુક્તમાં લીગલ ડીમાન્ડ નોટિસ આપેલ, આમ, આજદિન સુધી આ કામના આરોપીએ ફરિયાદીની લેણી રકમ ચુકવેલ ન આપી, આરોપીએ જેથી આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

//કારણો//

મુદ્દા નં.૧, ૨:-

(૧૦) ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ના આવશ્યક તત્ત્વો તથા કલમ- ૧૧૮ તથા કલમ-૧૩૯નું પ્રિઝમ્શન:-

<u>ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ની કલમ–૧૩૮ની કલમ:–</u>

ખાતામાં ``અપુરતા ભંડોળ`` વગેરેને કારણે ચેકનો અસ્વીકાર સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યક્તિ પોતે નિભાવતી હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજા વ્યક્તિને નાણાંની ચુકવણી કરવા માટે બૅન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બૅન્ક એ પરત કરે, કારણ કે, એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બૅન્ક સાથે સમજુતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓનો બાધ ન આવે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ, એમ ઠરાવવામાં આવ્યું છે કે,

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તો તે કાયદા માન્ય હોય તે મુદ્દત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બૅન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય.

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બૅન્ક તરફથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસોની અંદર તે ચેક લખનારને લેખિત નોટિસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહિ અને

(સી) જયાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણાં લેનાર પેઈને અથવા તો ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટિસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહિ ત્યાં સુધી કલમમાનું કશું જ લાગું પડશે નહિ.

<u>સ્પષ્ટીકરણ:–</u>

આ કલમના હેતુ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

<u>ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટ–૧૮૮૧ની કલમ–૧૪૨:–</u>

<u>ગુનાની નોંધ લેવા બાબતે:–</u>

સનેઃ–૧૯૭૩ (૨ ઑફ ૧૯૭૪) ભારતીય ફોજદારી ધારામાં ગમે તે સમાવેશ હોય તેમ હતાં.

(૧) ચેકની ધારણકર્તાની તરફેણમાં ચુકવણી થાય છે તેવી વ્યક્તિની લેખિત ફરિયાદ વગર આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજા પાત્ર ગુનાને કોર્ટ ક્યાનમાં લેશે નહિ.

(૨) આ કાયદાની કલમ–૧૩૮(૩) હેઠળ ઉત્પન્ન થતાં, ફરિયાદીના કારણથી એક મહિનામાં આવી ફરિયાદ ન્યાયાલયમાં કરવામાં આવી ન હોય, "જોગવાઈ કરવામાં આવી છે કે, ફરિયાદની નોંધ અદાલત દ્વારા નક્કી કરેલ સમય પછી પણ લઈ શકાશે. જો ફરિયાદી અદાલતને સંતોષ આપે કે આવા સમયમાં ફરિયાદ ન કરવા માટે તેને પુરતું કારણ હતું."

(૩) આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર કોઈપણ ગુનાની ટ્રાયલ મેટ્રોપોલિટન મૅજિસ્ટ્રેટ કે ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટ સિવાયના દરજ્જાથી નીચેના કોઈપણ દરજ્જાની અદાલત પગલા લઈ શકશે નહિ.

(૪) પરત થયેલ ચેક માટે એક જ વખત ગુનાની કોગ્નીજન્સ લઈ શકાય. પાવર ઑફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પણ પાવર ઑફ એટની ધારક કુલમુખત્યાર ઉપર ફરિયાદ કરી શકાય. અથવા કુલમુખત્યારની ગેરહાજરીમાં કુલમુખત્યારનામું આપનાર સામે ફરિયાદ થઈ શકે. આમ, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ની કલમ–૧૩૮નો ગુનો જોઈએ તો તેના તત્ત્વો નીચે મુજબ છે.

(૫) નોટિસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(૬) દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્ત્વો સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય.

(૧૦.૧) આ તબકકે **નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા, ROHITBHAI JIVANLAL PATEL Versus STATE OF GUJARAT AND ANR.,[2019]3 Supreme 662** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો આરોપીએ શકયતાની પ્રબળતા અન્વયેની હકીકતો રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે, કે જેનાથી કહેવાતો વ્યવહાર અસ્તિત્વમાં ન હોવાની તેમજ સામાન્ય માણસ જે તે સંજોગોમાં વ્યવહારોનું અસ્તિત્વ ન હોવાની હકીકત માને તેવી હકીકત આરોપીએ રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. વધુમાં ફરિયાદપક્ષે કેસની હકીકતોનો માત્ર ઈન્કાર કરવાથી બચાવપક્ષ ઉપર રહેલ પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકાતી નથી તેમ ઠરાવેલ છે. વધુમાં આરોપી દ્વારા ચેક ઉપરની સહિનો સ્વીકાર કરવામાં આવે તે સમયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન અમલમાં આવે અને આરોપી દ્વારા ચેકએ કાયદેસરનું દેવુ કે જવાબદારી પેટે આપેલ નથી તે પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે તેવુ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા, **RANGAPPA Versus SHRI MOHAN, AIR 2010 SC 1898** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના **Kumar Export Versus Sharma Carpets, 2008 (0) AIJEL_SC 42685 તથા Hiten P. Dalal Versus Bratindranath Banerjee, (2001) 6 SCC 16 તથા K. N. Beena Versus Muniyappan and others AIR 2001 SC 2895** તથા **M/s. Kalamani Tex & ANR**

Versus P. Balasubramanian, 2021 (1) DCR 625 ના ચુકાદાઓમાં તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(૧૦.૨) વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ ના **Asp Forex Service Pvt. Ltd. Versus Shakti International Fashion Linkers, 2020 (0) AIJEL-SC 65765,** તથા **T. P. Murugan Versus Boja, 2018 (0) AIJEL-SC 62547** ના ચુકાદાઓમાં કરાવેલ છે કે આરોપી દ્વારા ચેક ઈસ્યુ કર્યા અંગે અને તેમાં તેઓ ની સહી હોવાની હકીકત સ્વીકારવામાં આવે તે સમયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તે સમયે ફરિયાદીની તરફેણમાં તે ચેક કાયદેસરના લેણા અથવા જવાબદારી પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું છે અને તે બાદ આરોપીએ પુરાવા દ્વારા તે અનુમાન નું ખંડન કરવા અંગે સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(૧૦.૩) વધુમાં, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનો ખંડનાત્મક પુરાવો રજૂ કરવા માટે આરોપીએ જાતે સાહેદના પાંજરામાં આવવું જરૂરી નથી પરંતુ રેકર્ડ ઉપર રજૂ થયેલ ફરિયાદપક્ષના પુરાવા આધારે પણ પોતાના બોજામાંથી મુકિત મેળવી શકે છે તેવુ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા, **2008 AIR SC 1325, KRISHNA JANARDHAN BHAT Versus DATTATRAYA G. HEGDE** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં જયાં સુધી આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ અનુમાન અંગે સબળ તેમજ ખાતરીપુર્વકનો પુરાવો રજૂ કરી તેવા અનુમાનનું ખંડન ન કરે ત્યાં સુધી ઈસ્યુ કરવામાં આવેલ ચેક કાયદેસરના લેણા તેમજ જવાબદારી પેટે આપેલ હોવા અંગે અનુમાન કરવાનું છે તેવુ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **2006 (1) G L H 530, Girishbhai Natvarbhai Patel Versus State of Gujarat and Anr.** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. આરોપી દ્વારા ફરિયાદપક્ષના કેસમાં માત્ર શકયતાની પ્રબળતા દર્શાવવાની છે અને તે માટેનો પુરાવો કે હકીકતો રેકર્ડ ઉપર રજૂ કરે અને પ્રાથમિક પુરાવાથી પુરાવાર કરે તો ફરિયાદીએ તેઓના કેસની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર

કરવી જરૂરી છે. સદરહું પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઇ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાથી આરોપી પોતાના પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકે છે કે કેમ? તે નકકી કરવુ જરૂરી છે.

(૧૧) જો ફરિયાદી ઉપરોકત તમામ આવશ્યક તત્ત્વો પુરવાર કરવામાં સફળ નિવડતા હોય ત્યારે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરિયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ની જોગવાઇ વંચાણે લેવામાં આવે તો વિરુદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી–અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અશત: અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બન્ને કલમ હેઠળ ફરિયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે પરંતુ બન્ને જોગવાઇમાં ``વિરુદ્ધનુ સાબિત ના થાય તો`` તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે આ બન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. વિરુદ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવુ અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

(૧૨) ઉપરોકત જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે એ હકીકત પ્રસ્થાપિત કરવાની છે કે ચેક લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા ચોક્કસ સમય મર્યાદામાં એ બેમાંથી જે વહેલું હોય તે મુદ્દતમાં તેણે રજૂ કર્યો હતો. આ ચેક પોતાના ખાતામાં ભર્યેથી અને પરત આવ્યેથી ૩૦ દિવસમાં તેણે ચેક લખનારને નોટિસ આપી હતી અને આવી નોટિસ

બજવા છતાં પંદર દિવસમાં રકમ ચુકવવામાં ચેક લખનાર નિષ્ફળ ગયા બાદ ૩૦ દિવસમાં ફરિયાદીએ ફરિયાદ દાખલ કરેલ હતી. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત કરવું પડે કે આવો ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા લખેલ હતો. જે અનુસંધાને ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવો જોવામાં આવે તો, ફરિયાદીએ આ કામે આંક-૧૮ થી ચેક રજૂ કરેલો છે જે ચેકમાં તા.૧૫/૦૯/૨૦૨૧ લખેલ છે જે ચેક ફરિયાદીએ પોતાના ખાતામાં જમા કરાવતા બૅન્કનો રીટર્ન મેમો આંક-૧૯ થી રજૂ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં, ફરિયાદીએ નિયત સમયમાં ચેક રજૂ કર્યો હતો અને ચેક પરત આવ્યેથી તેઓએ તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ આરોપીને ડિમાન્ડ નોટિસ આપેલી છે. જે આંક-૨૧ થી રજૂ ડિમાન્ડ નોટિસથી ફલિત થાય છે. આ નોટિસની રજિસ્ટર એ.ડી.ની રિસિટ આંક-૨૦થી રજૂ છે. જે તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજની હોવાનું જણાઈ આવે છે તેમજ સદર નોટિસનુ બંધ કવર વગર બજે તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ પરત ફરેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ ત્યાર પછી આરોપીએ ૧૫ દિવસમાં ફરિયાદીને કોઈ ચુકવણી કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. આ કામે ફરિયાદ તા.૧૯/૦૧/૨૦૨૨ના રોજ દાખલ થયેલ છે. એટલે કે, નોટિસ પરત ફર્યાની તારીખથી ૧૫ દિવસમાં પૈસાની ચુકવણી ન થતાં, ત્યારબાદના એક માસમાં ફરિયાદ દાખલ છે અને તેથી હાલની ફરિયાદ મુદ્દતમાં દાખલ કરેલ છે. આમ, પુરાવા જોતાં હાલની ફરિયાદને કોઈ યાંત્રિક ખામીનો બાધ નડતો નથી. પરંતુ સાથે સાથે કાયદાથી નિયત કરેલા સિદ્ધાંતો મુજબ ફરિયાદીએ પ્રથમ કાયદાકીય અનુમાન અને ત્યારબાદ જો આરોપીઓ રિબર્ટલ પુરાવો આપે તો વાજબી શંકાથી પર એ પણ પ્રસ્થાપિત કરવાનું છે કે, હાલનો ચેક તેની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપવામાં આવ્યો હતો અને કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ હાલની ફરિયાદને કોઈ બાધ નડતો નથી.

(૧૩) હાલના કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલા તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની વિગતવાર ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે. સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે તેની ફરિયાદ આંક–૦૧ના સમર્થનમાં ફરિયાદીનું સરતપાસનું સોગંદનામું આંક–૦૫થી રજૂ થયેલ છે. તે સોગંદનામું વંચાણે લઈએ તો તેમાં ફરિયાદીએ તેની ફરિયાદ આંક–૦૧ મુજબની હકીકત જણાવેલ છે. તેથી ફરિવાર તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી.

(૧૩.૧) વધુમાં આ કામના ફરિયાદીની આરોપીના વિદ્વાન વકીલશ્રીનાઓ દ્વારા ઊલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં ફરિયાદી મુખ્યત્ત્વે એ હકીકત જણાવેલ છે કે, "હું શિક્ષક તરીકે જામકંડોરણા તાલુકામાં બી.આર.સી. કો–ઓર્ડીનેટર માં ફરજ બજાવું છું. સદર આરોપીને ખોડીયાર મોટર નામનું ગેરેજ છે, છેલ્લા ૨૦ વર્ષથી મારી ગાડીનું કામ તેની પાસે કરાવું છું. તેથી તેને ઓળખું છું. આરોપી ગાડીની લે–વેચ કરતો હોય તેથી તેને જરૂરીયાત મુજબ કટકે–કટકે રૂા.૫૦,૦૦૦/– તેમજ એક લાખ કે દોઢ લાખ રૂપીયા ની રકમ જરૂર પડતા હું આરોપીને ઉછીના આપતો, અને તેની સામે આરોપીએ મને બે વખત ૨૫–૨૫ હજાર રૂપીયા તથા એક વખત ફોરવીલ ગાડી રૂા. ૧,૨૫,૦૦૦/–ની કીંમતની આપેલી અમારે આરોપી સાથે ૨૦૧૮ થી ૨૦૨૦ની સાલમાં લેવડ–દેવડ થયેલ છે. મે આરોપીને કટકે–કટકે રૂા.૫૦,૦૦૦/– તેમજ એક લાખ કે દોઢ લાખ રૂપીયા ની રકમ આપેલી તેની કોઈ સ્પષ્ટ તારીખ હું કહી શકુ નહી અને આરોપીએ મને પૈસા આપેલા તેની પણ સ્પષ્ટ તારીખ હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે આરોપી પાસેથી ચેક ની રકમ લેણીની રહે છે તે બાબતનો કોઈ લેખીત આધાર મારી પાસે નથી. ભરતભાઈના નાનાભાઈ ચંદ્રકાંત ઉર્ફે ચંદ્રેશની સાથે આરોપીના ગેરેજ પર ૨૦૨૧ની સાલના જન્માષ્ટમી સમયે મીટીંગ થયેલી તેમાં ચંદ્રેશભાઈની હાજરીમાં આરોપી પાસેથી રૂા.૬,૫૦,૦૦૦/– લેવાના થાય છે, તે અંગે નકકી થયેલ હતું. ત્યારબાદ એક અઠવાડીયા પછી આરોપીએ તથા તેના મોટા દીકરા માધવ મને

બંબાગેટની જગ્યાએ જીઈબી સબસ્ટેશન પાસે ચેક આપેલો. એ વાત ખરી નથી કે આ ચેક માં ફકત તારીખ અને સહી લખેલી. જયારે મને આંક– ૧૮ વાળો ચેક આપેલો ત્યારે મે કોઈ આરોપીને રકમ આપેલી નહી. આરોપીના ખાતા નંબર મને હાલ યાદ નથી. તે ચેક એસ.બી.આઈ. બેંકનો હતો તથા મને અત્યારે ચેક નંબર યાદ નથી. મારૂ ખાતુ પણ એસ.બી.આઈ.બેંક ઉપલેટા ખાતે છે, જેના ખાતા નં. ૧૦૨૫૦૮૭૪૫૨૫ છે. આ ખાતામાં મારા તમામ કાયદેસરનો વહીવટ થતો હોય અને મારા સેલેરીના પૈસા પણ તેમાં જમા થતા હોય છે. એ વાત ખરી છે કે આરોપીને મે કાંઈ પણ રકમ આપેલી કે આરોપી પાસેથી કાંઈ પણ રકમ મેળવેલી હોય તેની મારા બેંકના ખાતામાં નોંધ થયેલ નથી. હું ઈન્કમટેક્ષ ભરૂ છું. હું કોઈ રોજમેળ કે ચોપડા રાખતો નથી, અમો શીક્ષક હોઈને અમારા ડીપાર્ટમેન્ટ દ્ધારા અમારૂ રીટર્ન ફાઈલ કરવામાં આવે છે.

સવાલ:– તમે જે રીટર્ન ફાઈલ કરો છો તેમા આરોપી સાથે થયેલ વહેવારની કોઈ નોંધ કરેલ છે?

જવાબ:– સદર ઉલ્લેખ કરેલ નથી.

મે આ ચેક મારા બેંકના ખાતામાં કઈ તારીખે નાખેલ તે મને યાદ નથી, પણ ૦૯ માં મહીનામાં ૨૦૨૧ની સાલમાં નાખેલ હતો. એ વાતની મને ખબર નથી કે આરોપી ૦૯માં મહીનામાં ૨૦૨૧ની સાલમાં ઉપલેટામાં રહેતા હતા કે કેમ. મે ફરીયાદ દાખલ કરેલી ત્યારે આરોપી સુરત મુકામે રહેતા હતા. બેંકમાં ચેક મારા ખાતામા વસુલાત માટે નાખવા હું પોતે ગયેલો. બીજે દીવસે મને બેંક મેનેજર તરફથી ચેક બાઉન્સ અંગેના કાગળો તથા ચેક પરત આપેલ હતા. મે ત્યારબાદ વકીલ મારફત નોટીસ આપેલી. આરોપીને નોટીસ મળી ગયેલ છે કે કેમ તે હાલ મને યાદ નથી. મે વકીલ મારફત નોટીસ આપેલી તેમાં મે સહી કરેલી છે. હવે હું કહું છુ કે મે નોટીસમાં સહી કરેલ નથી. મે નોટીસ વાંચેલી. નોટીસ મે વકીલ સાહેબે તૈયાર કરેલ ત્યારે વાંચેલી. નોટીસ રજી.એડી. કરવા વકીલ સાહેબ ગયેલા હું ગયેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીને નોટીસ મળેલ કે કેમ

તેની મને ખબર નથી. રજી.એડી.નું કવર પાછું આવેલુ, જે કવર પાછું આવવાનું કારણ આરોપી ઉપલેટામાં હતા નહી અને તેના ભાઈએ કવર પાછું મોકલી દીધેલું. આંક– ૧૮ વાળો ચેક મારી નજર સામે લખેલ નથી. એ વાત ખરી છે કે અંક–૧૮ વાળા ચેક માં તારીખ, રકમ, નામ, રકમ(શબ્દો તથા આંકડામાં) એક જ અક્ષરોમાં લખેલ છે અને નીચે આરોપીની સહી છે તે અલગ સાહીમા તથા અલગ અક્ષરોમાં લખેલ છે. સાહેદ જણાવે છે કે આંક–૧૮ વાળો ચેક મને આખો ભરીને આપેલો. એ વાત ખરી નથી કે આંક–૧૮ વાળો ચેક ફકત આરોપીએ પોતાની સહી કરીને કોરો ચેક આપેલો અને તે ચેકમાં બાકીની તમામ વિગત તારીખ, નામ, રકમ (આંકડા તથા શબ્દોમાં) મે જાતો ભરેલી છે. મને કાઉન્ટર સ્લીપ મળેલી છે. અમે આ કામે કાઉન્ટર સ્લીપ રજુ કરેલ નથી. જો તે કાઉન્ટર સ્લીપ મારી પાસે હશે તો તે હું રજુ કરવા માંગું છું. એ વાત ખરી નથી કે કાઉન્ટર સ્લીપમાં લખેલા વિગતના અક્ષરો આંક–૧૮ માં લખેલા અક્ષરો તથા આંકડા એક સરખા હોય નામ. કોર્ટમાં ફરીયાદ સાથે કાઉન્ટર સ્લીપ રજુ કરેલ નથી. નોટીસનું પરત આવેલ કવર મે જોયેલ છે તે કવરમાં પાછળ શું લખેલ તે મને ખબર નથી. આરોપી મારી પાસે ફકત ચેક લઈને આવેલા તેની પાસે ચેક બુક હતી નહી. આરોપીના ગેરેજ પર બોર્ડ મે લગાડેલ ન હતો. એ વાત ખરી છે કે મને આરોપીના ગેરેજ પર લગાવેલ બોર્ડની ઝેરોક્ષ કોપી બતાવવામાં આવે છે જેમાં જોઈને કહું છું કે એમાં લખેલ છે કે "આ મિલકત વિવાદીત છે લેતાં પહેલા અમારો સંપર્ક કરશો. સંજય બોરખતરીયા મોં.૯૭૨૪૪૧૧૩૩૩, ગૌતમ બોરખતરીયા મો. ૯૩૨૮૭૮૭૮૭૮, મનોજ નંદાણીયા મો. ૯૨૨૮૨૦૮૮૬૮." તથા સદર બોર્ડ આરોપીના ગેરેજ પર લગાડેલ તેની ફોટો કોપી જ છે. સદર ડોકયુમેન્ટ આરોપી તર્ફે ઉલટતપાસમાં રીફર થયેલ હોય તેને આંક– ૪૬ આપવામા આવે છે. મને આંક–૧૮ વાળો ચેક આપેલ ત્યારે મારે તથા આરોપી વચ્ચે કોઈ પણ પ્રકારની વાતચીત થયેલ ન હતી. એ વાત મને પાકકી યાદ નથી કે આરોપી નોટીસ આપ્યા પછી કેટલા સમયે કેસ કરેલ. એ વાત ખરી

નથી કે ફરીયાદ વકીલ સાહેબે તૈયાર કરેલી અને મે ફકત સહી કરેલી. ફરીયાદ સમયે મે નામ. કોર્ટમાં લેખીતમાં જુબાની આપેલ હોય તેવુ બનેલ નથી. મે જયારે પણ રૂપીયા ૫૦ હજાર, લાખ કે દોઢ લાખ આપેલા ત્યારે મે આરોપી પાસેથી કોઈ આધાર માંગેલ નહીં. એ વાત ખરી છે કે રૂા. ૨૦,૦૦૦/– ની રકમનો વહીવટ કરવા માટે એક ચેકથી જ વહીવટ થઈ શકે. એ વાત ખરી છે કે મે આરોપી સાથે કોઈ ચેકથી વહીવટ કરેલ નથી. એ વાત ખરી છે કે સાડા છ લાખ રૂપીયા હું આરોપી પાસે માંગુ છુ તે અંગેનો કોઈ લેખીત આધાર મારી પાસે નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં આરોપીને રૂપીયા ૫૦ હજાર, લાખ કે દોઢ લાખ કટકે– કટકે આપેલ હતા તેવો ઉલ્લેખ તેમજ આરોપીએ મને બે વખત ૨૫–૨૫ હજાર રૂપીયા તથા ફોરવીલ ગાડી રૂા. ૧,૨૫,૦૦૦/– ની આપેલી અને મારે આરોપી સાથે સને ૨૦૧૮ થી ૨૦૨૦ ની સાલમાં લેવડ–દેવડ થયેલ તેવો ઉલ્લેખ કરેલ નથી. આરોપીના નાના ભાઈ ચંદ્રકાંત ઉર્ફે ચંદ્રેશની સાથે આરોપીના ગેરેજ ઉપર ૨૦૨૧ની સાલમાં જન્માષ્ટમી સમયે મીટીંગ થયેલી તેમાં ચંદ્રેશભાઈની હાજરીમાં આરોપી પાસેથી સાડા છ લાખ રૂપીયા લેવાના થાય છે તે અંગે નકકી થયેલ હતું, ત્યારબાદ એક અઠવાડીયા બાદ આરોપી અને તેના મોટા દીકરા માધવ મને બંબાગેટની જગ્યાએ જીઈબી સબસ્ટેશન પાસે ચેક આપેલો તેવો ઉલ્લેખ મારી ફરીયાદમાં કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે આંક– ૪૬ વાળો કાગળ ફરીયાદ કરતા પહેલા આરોપીના ગેરેજ અને ઘર ઉપર લાગેલ હતું કે કેમ. એ વાત ખરી નથી કે આરોપી ઉપર ખોટુ દબાણ લાવી કોઈ પણ કાયદેસરની રકમ હું માંગતો ન હોવા છતાં તેના મકાન તથા ગેરેજ ઉપર ગે.કા. રીતે બોર્ડ લગાડી મીલકત જપ્ત કરવાના પ્રયત્ન કરેલા અને ફકત દબાણથી સહી વાળો કોરો ચેક મેળવી લઈ તે ચેકમાં મોટી રકમ ભરી આરોપીને જાણ કર્યા વિના બેંકમાં વસુલાત માટે નાખી ચેક રીટર્ન કરાવી ખોટી હકીકતવાળી નોટીસો આપી હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે હું આરોપી પાસે કોઈ પણ રકમ માંગતો ન હોવા છતાં આરોપી

ગરીબ માણસ હોય તેને ધમકાવી, દબાવી ચેકનો દુરઉપયોગ કરી ખોટી હકીકત નામ.કોર્ટમાં રજુ કરી ખોટી જુબાની આપુ છુ. હું મનોજ રાજાભાઇ નંદાણીયાને ઓળખુ છુ. તે ઉપલેટામાં રહે છે. એ વાત ખરી નથી કે મારી તથા મનોજભાઇ તથા અમુક અસામાજીક તત્વો સામે આરોપીના કુટુંબે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચમાં ફરિયાદ કરેલી. એ વાત ખરી છે કે આંક-૪૬ વાળા પત્ર અનુસંધાને ઉપલેટા પી.આઇ. સાહેબનો ફોન આવેલો હતો અને પુછપરછ કરીને જવા દીધેલા હતા. એ વાત ખરી નથી કે મે આરોપી સામે હાલની ખોટી ફરિયાદ કરેલી છે.

(૧૪) સદરહુ કામે રજૂ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા તથા ફરિયાદી તથા આરોપી તરફે રજૂ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતાં તથા ઉભયપક્ષની વિગતવારની દલીલો ધ્યાને લેવામાં આવે તો, આરોપીપક્ષ દ્વારા જે બચાવ કરવામાં આવેલ છે તે બચાવ ટકવાપાત્ર નથી. જે અંગેની તાર્કિક ચર્ચા નીચે મુજબ છે. જો આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ બચાવની ચર્ચા કરવામાં આવે તો, બંને પક્ષકારો વચ્ચે મિલકત બાબતેની તકરાર ચાલતી હોવાનુ જણાઇ આવેલ છે. આરોપીપક્ષે એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરિયાદીએ આરોપી પર દબાણ લાવી ચેક મેળવી લઇ ચેકનો દુરૂપયોગ કરેલ હોવાનો બચાવ લીધેલ છે પરંતુ બચાવપક્ષે સદર ચેકના દુરૂપયોગ બાબતે આરોપીએ કોઇ ફરિયાદ કરેલ હોય તે અંગે કોઇ પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૧૫) વધુમાં, આરોપી તરફે વાદગ્રસ્ત ચેક ફરિયાદી પાસે કેવી રીતે આવેલ તે અંગે કોઇ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો <u>આંક-૧૮ થી અસલ ચેક રજૂ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સહી કરેલ છે.</u> સદરહુ ચેકમાં આરોપીની સહી નથી તેવી આરોપી તરફે કોઇ તકરાર કે બચાવ નથી. આ કામે રજૂ વાદગ્રસ્ત

ચેક અંગે આરોપીએ બચાવ લીધેલ છે કે, ફરિયાદીએ આરોપી પર દબાણ લાવી ચેક મેળવી લીધેલ છે. પરંતુ આ બચાવને પુરવાર કરવા માટે આરોપીપક્ષ દ્બારા કોઈ આધાર પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. માત્ર આરોપીએ ફરિયાદીને વાદગ્રસ્ત ચેક આપેલ નથી તે મતલબનું ડિનાયલ જ લેવામાં આવેલ છે. આથી રજૂ અસલ ચેક યોગ્ય કસ્ટડીમાંથી રજૂ થયેલ દસ્તાવેજ હોવાનું માનવાનું કારણ થાય છે તેમજ ફરિયાદીની સોગંદ ઉપરની હકીકતોથી સમર્થન મળતું હોય, તેને ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

(૧૬) વધુમાં ઈમ્પોર્ટન્ટલી માનવા ખાતર માની લેવામાં આવે કે, ફરિયાદી દ્બારા ફરિયાદમાં જણાવ્યા મુજબની રકમ આરોપીને આપવામાં આવેલ નથી તથા ફરિયાદીનો આરોપી સાથે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ વ્યવહાર જ થયેલ નથી, તો પણ, આરોપીપક્ષ વાદગ્રસ્ત ચેક કે આંક–૧૮ થી રજૂ છે તથા તેમાં ચેક પર આરોપીની સહી છે તથા જે ચેક આરોપીના બેન્ક એકાઉન્ટનો છે, તે ચેક ફરિયાદી પાસે કઈ રીતે આવ્યો તે મતલબનો સંતોષકારક ખુલાસો આરોપીપક્ષ કરી શકેલ નથી. તેમજ આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, ફરિયાદીએ આરોપીને કોઇ રકમ આપેલ નથી. પરંતુ, હાલના કામે આરોપી દ્બારા તેઓના આ કથનના સમર્થનમાં કોઈ આધાર પુરાવા રજૂ રાખેલ નથી. તદુપરાંત આજદિન સુધી આરોપીએ હાલના કામના ફરિયાદી વિરુદ્ધ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી.

(૧૭) વધુમાં, આરોપી દ્બારા એવો બચાવ કરવામાં આવેલ છે કે, ફરિયાદીએ ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, આંક–૧૮ વાળા ચેકમાં તારીખ, રકમ, નામ, રકમ(શબ્દો તથા આંકડા)માં એક જ અક્ષરોમાં લખેલ છે અને નીચે આરોપીની સહી છે તે અલગ સાહીમાં તથા અલગ અક્ષરોમાં લખેલ છે. આ બાબતે, વાદગ્રસ્ત ચેકમાંની વિગતો કોના દ્બારા લખવામાં આવેલ છે, તે અનુસંધાને

નામદાર સુપ્રિમ કોર્ટનો *Bir Singh* vs *Mukesh Kumar*નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે. જે નીચે મુજબ છે.

નામદાર સુપ્રિમ કોર્ટે Bir Singh vs Mukesh Kumar *CRIMINAL APPEAL NOS.230-231 OF 2019 (@ SLP(CRL) NOS. 9334-35 OF 2018)ના ચુકાદામાં ઠરાવેલ છે કે,*

37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

આમ, ઉપરોક્ત ચુદાકામાં એ સ્પષ્ટ કરે છે કે, જો ચેક ડ્રોઅર દ્વારા યોગ્ય રીતે સહી કરવામાં આવી હોય, તો તે મહત્ત્વનું નથી કે ચેક ડ્રોઅર સિવાય અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ચેકની વિગતો ભરવામાં આવી હોય. તેમજ જો કોઈ ચુકવણી માટે સહી કરેલો ખાલી ચેક સ્વૈચ્છાએ હોલ્ડરને આપવામા આવે, તો ચેક હોલ્ડર અન્ય વિગતો ભરી શકે છે. આનાથી ચેક અમાન્ય થશે નહિ. આમ, આ કામે રેકર્ડ પરની હકીકતો જોતાં, આરોપીનો સદર બચાવ ટકવાપાત્ર નથી. તેમ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૧૮) વધુમાં, આરોપી તરફે ફરિયાદીએ આપેલ નોટીસનો પણ ચેકના દુરૂપયોગ બાબતે કોઇ જવાબ આપેલ નથી. તેમજ આરોપીએ ચેકમાં પોતાની સહી બાબતે કોઇ તકરાર લીધેલ નથી કે ચેકમાં તેઓની સહી હોવાનો ઈન્કાર કરેલ નથી. બચવાપક્ષ તરફે ચેકમાં લખેલ વિગતો તથા સહી અલગ અક્ષરોમાં હોવાનો બચાવ લીધેલ છે પરંતુ તે અંગે કોઈ એફ.એસ.એલ. નો એક્ષપર્ટનો પુરાવો રજુ કરેલ નથી.

(૧૯) વધુમાં નેગોશિયેબલ ઈસ્ટ્રુમેન્ટ એક્ટની હેઠળના કેસોમાં આરોપી પર પુરાવાનું ભારણ સંભવિતતાની સમતુલાનું છે અને તેનો અર્થ એવો થાય છે કે, આરોપીએ એવો બચાવ રજૂ કરવો જોઈએ કે જે સંભવિત હોય અને તેવી બાબત સામાન્ય બુદ્ધિમતા ધરાવતા માણસ દ્વારા માની શકાય. હવે, આ અનુસંધાને રેકર્ડ પરના પુરાવો જોવામાં આવે તો એ હકીકત જણાઈ આવે છે કે, <u>આ કામના આરોપીને નાણાંની જરૂરિયાત પડતા ફરિયાદી પાસે કુલ રૂ.૬,૫૦,૦૦૦/- હાથ ઉછીના લઈ ગયેલ અને તેના બદલામાં આરોપીએ ફરિયાદીને હાલનો ચેક લખી આપેલ છે.</u> <u>આમ, સદરહુ કામે રજૂ થયેલ આંક-૧૮ વાળા ચેકની રકમ એટલે કે કુલ રૂા.૬,૫૦,૦૦૦/- ની રકમ ફરિયાદીએ,આરોપીને આપેલ હોવા બાબતે કોઈ શંકાને સ્થાન રહેલ હોઈ તેમ માની શકાય નહિ.</u> આમ, આ કામે આરોપી દ્વારા કાયદા મુજબના અનુમાનોનું ખંડન થયેલ હોય, તેમ જણાઈ આવતું નથી.

(૨૦) વધુમાં સદરહુ કામનું રેકર્ડ જોવામાં આવે તો સદરહુ કામે વાદગ્રસ્ત ચેક <u>``ફંડસ ઈનશફીસીયન્ટ``</u>ના શેરાથી પરત ફરેલ છે, નહિ કે પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅર કે ડ્રોઅરના ચેકની સહી ડીફર થતી હોય તેવા કારણથી પરત ફરેલ હોય. <u>વધુમાં જોવામાં આવે તો ફરિયાદીએ મોકલેલ આરોપીને નોટિસ બજી ગયેલ છે.</u> આમ, આરોપીને નોટિસ ન મળેલ હોવાનો આરોપીપક્ષે કોઈ બચાવ લીધેલ નથી. <u>આ ઉપરાંત આરોપીપક્ષે ચેકનો દુરૂપયોગ કરેલ હોવા બાબતનો જે બચાવ લીધેલ છે તે બાબતે આરોપીએ ફરિયાદી વિરુદ્ધ નોટિસ મળ્યા બાદ</u>

પણ શાં કારણથી ફરિયાદ કરેલ નથી તથા ચેક ફરિયાદી પાસે કેવી રીતે આવ્યો તેનો સંતોષકારક ખુલાસો પણ આરોપીએ કરેલ નથી. આમ, માત્ર ડિનાયલ કરવાથી કાયદાકીય અનુમાનોનું ખંડન થયેલ માની શકાય નહિ. આરોપીએ તેમનો ખંડનાત્મક બચાવ કરવો જોઈએ.

(૨૧) વધુમાં એ.આઈ.આર.૨૦૧૦ સુપ્રિમ કોર્ટ, ૧૮૯૮ રંગપ્પા વિ. મોહનના ચુકાદાથી નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યુ છે કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ના અનુમાનમાં કાયદાકીય અમલને પાત્ર દેવા અથવા તો જવાબદારીનું અસ્તિત્ત્વ હોવાનું સમાવેશ થાય છે. સદરહુ અનુમાન તે ખંડનાત્મક અનુમાન છે. આરોપી કાયદાકીય રીતે અમલપાત્ર દેવું અથવા તો જવાબદારીનું અસ્તિત્વ ન હોવા સંબંધે પોતાનો બચાવ કરી શકે છે. પરંતુ ફરિયાદીને લાભ કરે તેવું પ્રારંભિક અનુમાન હોવા સંબંધે કોઈ શંકા નથી. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૯નો સમાવેશ કાયદા ઘડનાર દ્વારા વટાવખતની વિશ્વસનિયતામાં સુધારો કરવાના આશયથી કરવામાં આવ્યો છે. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ દ્વારા ચેકનો અસ્વીકાર થયાના કીસ્સામાં સદર ફોજદારી ઉપાય મળે. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૯માં કરવામાં આવેલ "ખંડનાત્મક અનુમાન"ની જોગવાઈ ઈનસાફી કાર્યવાહીમાં થતો વિલંબ અટકાવવા માટે છે. તેમ છતાં એ યાદ રાખવું જરૂરી છે કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ દ્વારા સજાને પાત્ર ગુનાને રેગ્યુલેટરી ઓફેન્સ તરીકે ઉલ્લેખવો જોઈએ કારણ કે ચેકનો અસ્વીકાર થવો એ મોટાભાગે દીવાની અપકૃત્ય પણ છે અને જેની અસર મોટાભાગે વ્યાપાર સાથે સંકળાયેલા હોય તેવા ખાનદાની પક્ષકારો ઉપર થાય છે. તે કારણસર આરોપી ઉપર જે ખંડનાત્મક પુરાવાનો બોજો છે તે નાહક ઉચ્ચ ધોરણો દર્શાવતી સાબિતીનો હોવો જોઈએ નહિ. જે હકીકત ધ્યાને લેતાં, જ્યારે આરોપીએ અનુમાનનો ખંડન કરવું હોય ત્યારે સાબિતીનું ધોરણ આરોપીએ

પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીના સિદ્ધાંત મુજબ પુરવાર કરે તો પણ ખંડન થઈ શકે છે અને જયારે આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર હોય તેવું દેવુ અથવા જવાબદારી સામે શંકા ઉપસ્થિત થાય તેવો બચાવ ઊભો કરવામાં સફળ થાય તો ફરિયાદપણ નિષ્ફળ થઈ શકે. આરોપી આવો બચાવ ઊભો કરવા માટે ફરિયાદપક્ષ તરફથી જે સામગ્રી રજૂ કરવામાં આવી હોય તેના ઉપર આધાર રાખી શકે અને તે સંજોગોમાં અમુક કેસમાં આરોપીએ પોતાનો પુરાવો રજૂ કરવો જરૂરી હોતો નથી. વધુમાં સદર ચુકાદાથી એવો પણ સિદ્ધાંત પ્રસ્થાપિત થાય છે કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૩૯ અન્વયેના અનુમાનનું ખંડન કરવા માટે આરોપી તરફે જે બચાવ લેવામાં આવ્યો હોય તે બચાવ સામાન્ય બુદ્ધિ ધારણ કરનાર વ્યક્તિ સ્વીકારી શકે તેવો સંભવિત બચાવ હોવો જોઈએ. સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત અનુસાર હાલના કેસમાં પણ વાદગ્રસ્ત ચેક આરોપીએ પોતાના કાયદેસર રીતે અમલને પાત્ર થઈ શકે તેવા દેવા કે જવાબદારીની ચુકવણી પેટે આપ્યા હોવાની હકીકતનું અનુમાન કરવામાં આવે છે. અત્રે એ નકકી કરવાનું રહે છે કે, આરોપીએ સદર અનુમાનનું ખંડન કરેલ છે કે કેમ? જો આરોપીએ અનુમાનનું ખંડન કર્યાનું પ્રસ્થાપિત થાય તો વાદગ્રસ્ત ચેકો અંગે કોઈ કાયદેસરની રકમ લેણી હતી તેવી હકીકત પુરવાર કરવા સદર સાબિતીનો બોજો ફરિયાદના શીરે શિફ્ટ થાય તેમ છે. આ કામે આરોપી તરફે કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ ખંડનાત્મક પુરાવી રજૂ કરવામાં આવ્યો નથી. તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર રહેલી સામગ્રી દ્વારા સદર સ્ટેચ્યુટરી અનુમાનનું ખંડન કર્યું છે કે કેમ? તે હકીકત નકકી કરવાની રહે છે.

(૨૨) આમ, આ કામે રજૂ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદી દ્વારા આરોપીને હાથ ઉછીના નાણા આપવામાં આવેલ છે અને તેના બદલામાં આરોપીએ ચેક આપેલ છે અને આ ચેક આરોપીની સહીનો તથા તેઓના ખાતાનો વણચૂકવાયેલ પરત ફરેલ છે ત્યારે આ ચેક કાયદેસરના

દેવા અને જવાબદારી માટે આરોપીએ આપેલ હતું તેવું પુરવાર થયેલ છે અને તે પુરાવાનું આરોપી તરફે સંભવિવતાની સમતુલાએ પણ યોગ્ય પુરાવો રજૂ કરી ખંડન કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં કલમ–૧૩૯ સાથે વાંચતા કલમ–૧૧૮ મુજબ એ બાબતનું અનુમાન કરવાનું રહે છે કે આરોપીએ ફરિયાદીને કાયદેસરના દેવા અથવા જવાબદારી પેટે ચેક આપેલ છે. આરોપીને આ કામે ધોરણસરની નોટિસ બજેલ છે અને સમન્સ બજવા છતાં તેઓએ ફરિયાદીને ચેક મુજબની રકમ ચૂકવી આપેલ નથી અને તેવા સંજોગોમાં આરોપીએ કલમ–૧૩૮ મુજબનો ગુનો કર્યાનું આ કોર્ટનું નમ્રપણે માનવું છે. વધુમાં કલમ–૧૩૯ જોગવાઈ ધ્યાને લેતા ફરિયાદી એ હકીકત સાબિત કરવામાં સફળ રહેલ છે કે, આ કામના આરોપીએ ફરિયાદીને કાયદેસરના દેવા પેટે વાદગ્રસ્ત ચેક લખી આપેલ, અને તે ચેક ચુકવણું થયા વિના પરત થયેલ છે, અને ફરિયાદીએ કાયદેસરની લેણી રકમ માટે હાલનો કેસ કરેલ છે, તે કાયદેસર રીતે અમલ કરવાપાત્ર હતો. કલમ–૧૧૮ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીપક્ષ તરફે તેઓના બચાવના સમર્થનમાં જયારે યોગ્ય પુરાવો આપવામાં આવેલ ન હોય ત્યારે ચેકના ધારણકર્તા ફરિયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે તેમ છે કે આ ચેક તેઓના સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી માટે મળેલ છે. વધુમાં કલમ–૧૩૯ મુજબ ધ્યાને લેતાં આરોપીપક્ષ તેનાથી વિરુદ્ધની કોઈ હકીકત સાબિત કરી શકેલ નથી ત્યારે આ જોગવાઈમાં જે માની લેવા વિશે જોગવાઈ કરવામાં આવેલ છે તે ફરિયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે તેમ છે. આમ, ઉપરોક્ત ચર્ચાના આધારે મુદ્દા નં.૧નો નિર્ણય હકારાત્મક ઠરાવવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

ઉપરોકત સવિસ્તર ચર્ચા કર્યા મુજબ આરોપી સામે આક્ષેપીત ગુનો નિઃશંકપણે સાબિત કરવા પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અન્વયેના બોજાનુ વહન કરવામાં ફરિયાદી સફળ થયેલા છે ત્યારે

આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે દોષિત ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

–: આખરી હુકમ :–

(૧) આ કામના આરોપી ભરતભાઈ રજનીકાંત હંસોરા, C/O ખોડીયાર મોટર્સ, રહે.ડેનીશ હોલની બાજુમાં, બડા બજરંગ રોડ, ઉપલેટા.ને **ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનામાં તકસીરવાન** ઠરાવવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫(૨) અન્વયે આરોપીને ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનામાં તકશીરવાન ઠરાવી **ત્રણ (૩) મહીનાની** સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને **ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૫૭(૩)** અન્વયે **ચેકની રકમ કરતા બમણી રકમ રૂ.૧૩,૦૦,૦૦૦/– વળતર તરીકે ફરિયાદીને** ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ–**૧ (એક) માસની સાદી કેદ**ની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૪) જો આરોપી વળતરની રકમ નાઝર શાખા, સીવીલ કોર્ટ, સુરત સમક્ષ ચુકવી આપે તો તે મુળ ફરીયાદીની ખરાઈ કરી નિયમોનુસાર તેઓને ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપીને સદર હુકમની એક નકલ વિનામુલ્યે પુરી પાડવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૨, માહેઃજુન, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(પ્રિયાબેન પ્રકાશચંદ્ર કાલા)
જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉપલેટા.

UIC–GJ01761.

Typed by:– A.J.Solanki, Gujarati Stenographer Grade–3.